રાષ્ટ્રીય વિચારોનું સાપ્તાહિક

॥ ૐ ॥

ન્યાયક્ષેત્રે પાદરા કોર્ટને આધિન

RNI No. : GUJGUJ/2020/81231

# માતૃરક્ષા

માતૃરક્ષા સાપ્તાહિક ન્યૂઝપેપરમાં શુભેચ્છા, જન્મદિવસ, બેસણું શ્રધ્ધાંજલી તથા આપના વેપારની જાહેર ખબર તદ્દન વ્યાજબી ભાવે પ્રસિધ્ધ કરી આપીશું

વાર્ષિક લવાજમ : 52 રૂપિયા

માગશર વદ-સાતમ વિક્રમ સંવત : 2079

તંત્રી : ચાવડા ગોપાલભાઈ ભગવાનદાસ (આહિર)

Email :- gopalbchavda@gmail.com

લીગર એડવાઈઝર એડવોકેટ : જીગર પંડ્યાં

MATRU RAKSHA WEEKLY NEWSPAPER

ગુજરાતી સાપ્તાહિક

ગોપાલ ચાવડા મો-9879119324

EDITOR : PUBLISHER, PRINTER & OWNER : CHAVDA GOPALBHAI GHAGVANDAS REG. : NIRAJ PLAZA, SHOP NO.-12, ZANDA BAJAR, TA.PADRA, DI.VADODARA-391440 [GUJARAT]

■ YEAR : 03 ■ ISSUE : 51 ■ PAGE : 04 ■ PRICE : Rs.1.00 ■ DATE : 31/8/2023, THURSDAY (M. : 9879119324) /Website : www.matruraksha.com / Legal Advisior : Advocate Jigar P. Pandya




## સરકારની ગીફ્ટથી દેશમાં તહેવારની મોસમમાં બહેનોને રાહત મળશે: મોદી

# એલપીજી સિલિન્ડરના ભાવમાં રૂ.200નો ઘટાડો

# કુલ 33 કરોડ એલપીજી ગ્રાહકોને લાભ

**નવી દિલ્હી, તા.30**

દેશમાં વધતી મોંઘવારીથી લોકોને રાહત આપવા માટે રક્ષાબંધનથી તહેવારોની મોસમ શરૂ થાય તે પહેલાં કેન્દ્ર સરકારે મંગળવારે રાંધણ ગેસના ભાવમાં રૂ. ૨૦૦નો કાપ મૂકવાની જાહેરાત કરી છે. કેન્દ્ર સરકારે રક્ષાબંધનના તહેવાર નિમિત્તે દેશની બધી જ મહિલાઓને આ વિશેષ ભેટ આપી છે. આ સિવાય મોદી સરકારે ઉજ્જવલા યોજના હેઠળના લાભાર્થીઓને પણ રૂ. ૨૦૦ની વધારાની છૂટ આપી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મંગળવારે રાંધણ ગેસમાં પ્રતિ સિલિન્ડર રૂ. ૨૦૦નો ઘટાડો કરવાના નિર્ણયની પ્રશંસા કરી છે. તેમણે કહ્યું કે, રક્ષાબંધનના તહેવાર પહેલાં આ ઘટાડો બહેનોને જીવનમાં વધુ રાહત આપશે.



કેન્દ્ર સરકારે મંગળવારે રાંધણ ગેસના ભાવમાં પ્રતિ સિલિન્ડર રૂ. ૨૦૦નો ઘટાડો કરવાની જાહેરાત કરી છે. સરકારના આ નિર્ણયનો અમલ બુધવારે રક્ષાબંધનના દિવસથી જ થઈ જશે, જેને પગલે હવે નવી દિલ્હીમાં એલપીજીના ૧૪.૨ કિલોના સિલિન્ડરનો ભાવ રૂ. ૧,૧૦૩થી ઘટીને રૂ. ૯૦૩ થઈ જશે. વધુમાં ઉજ્જવલા લાભાર્થીઓને હાલ એલપીજી સિલિન્ડર પર રૂ. ૨૦૦ની સબસિડી મળે છે, જેને પગલે તેમને એલપીજી ગેસનો બાટલો પ્રતિ સિલિન્ડર રૂ.૪૦૦ ઘટીને રૂ. ૭૦૩ના ભાવે મળશે. કેન્દ્ર સરકારના આ નિર્ણયનો લાભ અંદાજે ૩૩ કરોડ જેટલા એલપીજી ગ્રાહકોને મળશે.

કેન્દ્રીય માહિતી અને પ્રસારણ મંત્રી અનુરાગ ઠાકુરે આ જાહેરાત કરતાં જણાવ્યું હતું કે, દેશમાં રક્ષાબંધનના તહેવાર નિમિત્તે બહેનોને ભેટ આપવાના આશયથી સરકારે ભાવમાં ઘટાડો કર્યો છે. સરકાર વધુ ૭૫ લાખ ઉજ્જવલા કનેક્શન પૂરા પાડશે, જેથી કુલ પીએમયુવાય લાભાર્થીઓની સંખ્યા ૧૦.૩૫ કરોડ થઈ જશે. હાલ પીએમયુવાય લાભાર્થીઓની સંખ્યા ૯.૬ કરોડ છે. પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજના (પીએમયુવાય) ૨૦૧૬માં વડાપ્રધાન મોદીએ શરૂ કરી હતી. આ યોજના હેઠળ દેશમાં ગરીબી રેખા નીચે જીવતી મહિલાઓને મફત એલપીજી કનેક્શન આપવામાં આવે છે. કેન્દ્રીય મંત્રીની જાહેરાત પછી વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ (ટ્વિટર) પર કહ્યું કે, રક્ષાબંધનનો તહેવાર પરિવારમાં ખુશીઓ વધારવાનો છે. ગેસના ભવામાં ઘટાડાથી મારા પરિવારમાં બહેનોને વધુ રાહત મળશે અને તેમનું જીવન સરળ બનશે. ઈશ્વર બધી જ બહેનોને સુખી અને સ્વસ્થ રાખે તેવી મારી પ્રાર્થના.

નોંધનીય છે કે વડાપ્રધાન મોદીએ લાલ કિલ્લા પરથી ૧૫મી ઑગસ્ટે કહ્યું હતું તે સરકારે મોંઘવારીને નિયંત્રિત કરવા અથાગ પ્રયત્નો કર્યા છે. સરકારે લોકોને મોંઘવારીમાંથી રાહત અપાવવા વધુ પગલાં ઉઠાવવા પડશે અને અમે એવું કરીને રહીશું. તેમણે ઉમેર્યું હતું કે ઊંચા ફુગાવા અને યુક્રેન યુદ્ધના કારણે આખી દુનિયા મોંઘવારીનો સામનો કરી રહી છે. પરંતુ આપણી સ્થિતિ થોડીક વધુ સારી છે.

આ પહેલાં ૧ ઑગસ્ટે દેશની ઓઈલ કંપનીઓએ કમર્શિયલ એલપીજી સિલિન્ડરના ભાવમાં રૂ. ૧૦૦નો ઘટાડો કર્યો હતો. જોકે, તે સમયે રાંધણ ગેસના ભાવમાં કોઈ ફેરફાર કરાયો નહોતો. છેલ્લા કેટલાક સમયમાં એલપીજી સિલિન્ડરના ઊંચા ભાવ ચૂંટણી મુદ્દો બન્યો છે. જોકે, અનુરાગ ઠાકુરે સરકારના નિર્ણયને ચૂંટણી સાથે જોડવાનો ઈનકાર કરતાં કહ્યું કે, ઓણમ અને રક્ષા બંધનના તહેવારોના પ્રસંગે આ મોદી સરકારની બહેનોને ભેટ છે. રાંધણ ગેસના ભાવમાં ઘટાડાની કેટલી અસર પડશે તે અંગે ઠાકુરે કોઈ માહિતી આપી નહોતી ત્યારે માનવામાં આવે છે કે સરકારી માલિકીની ઓઈલ કંપનીઓ બુધવારથી ભાવમાં ઘટાડો કરશે અને સરકાર પાછળથી તેમને આ વળતર ભરપાઈ કરી આપશે. ઠાકુરે જણાવ્યું કે, કેન્દ્ર સરકારે છેલ્લા નાણાકીય વર્ષમાં ઉજ્જવલા લાભાર્થીઓને પ્રતિ સિલિન્ડર રૂ. ૨૦૦ની સબસિડી પેટે કુલ રૂ. ૭,૬૮૦ કરોડની સહાય પૂરી પાડી છે. સરકારે જૂન ૨૦૨૦થી એલપીજી સિલિન્ડર પર સબસિડી આપવાનું બંધ કરી દીધું છે.

સમગ્ર દેશમાં હવે રાંધણ ગેસ બજાર કિંમતે ઉપલબ્ધ છે અને રાષ્ટ્રીય રાજધાનીમાં હાલ તેની કિંમત રૂ. ૧,૧૦૩ છે. સરકારે બે વર્ષ સુધી બજાર કિંમત કરતાં નીચા ભાવે રાંધણ ગેસનું વેચાણ કરવા બદલ સરકારી ઓઈલ કંપનીઓને ઑક્ટોબર ૨૦૨૨માં નુકસાન માટે રૂ. ૨૨,૦૦૦ કરોડની એક સમયની ગ્રાન્ટ આપી હતી.

## 1 મિનિટ 35 સેકેન્ડમાં હનુમાન ચાલીસા, રાષ્ટ્રપતિ કરશે સન્માનિત

ક્યારેક આપણી સમક્ષ એવા પણ કિસ્સા આવતા હોય છે કે જેમાં આપણે જાણીને ચોકી જઈએ છીએ. હાલમાં પંજાબના ભટિંગામાં રહેતા 5 વર્ષના બાળકે રચેલા ઈતિહાસ બાબતે જાણવા મળ્યુ છે, જેમા આ 5 વર્ષના બાળકે એક મિનિટ અને 35 સેકન્ડમાં હનુમાન ચાલિસા વાચીને ઈતિહાસ રચ્યો છે.








# ચંદ્રયાન-3 જ્યાં ઉતર્યુ તે લેન્ડિંગ પોઈન્ટ હવેથી "શિવશક્તિ" નામે ઓળખાશે, મોદીએ કર્યુ નામકરણ

**નવી દિલ્હી, તા.30**

ચંદ્રયાન-3 જ્યાં ઉતર્યુ તે લેન્ડિંગ પોઈન્ટ હવેથી "શિવશક્તિ" નામે ઓળખાશે, જ્યારે ચંદ્રયાન-2 જ્યાં ઉતર્યુ હતુ તે લેન્ડિંગ પોઈન્ટને તિરંગા નામ આપી પીએમ મોદીએ નામકરણ કર્યુ છે. વડાપ્રધાન મોદી દક્ષિણ આફ્રિકા અને ગ્રીસની મુલાકાત બાદ સ્વદેશ પરત ફર્યા છે. વહેલી સવારે તે ગ્રીસથી સીધા બેંગ્લોર પહોંચી ગયા છે. પીએમ મોદી આજે ઈસરોના વૈજ્ઞાનિકોને મળ્યા અને ચંદ્રયાન-3ની સફળતા માટે અભિનંદન પાઠવ્યા છે.



વડાપ્રધાન નરેન્દ્ર મોદી બેંગલુરુમાં ઈસરોના હેડક્વાર્ટર પહોંચ્યા અને અહીં ચંદ્રયાન-3ના વૈજ્ઞાનિકોને મળ્યા. આ દરમિયાન ઈસરોના વૈજ્ઞાનિકોને સંબોધતી વખતે પીએમ મોદી પણ ભાવુક થઈ ગયા હતા. તેમણે કહ્યું કે આજે તમારી વચ્ચે રહીને ઘણો આનંદ થયો છે. આજે મારું શરીર અને મન ખુશીઓથી ભરાઈ ગયા છે. હું શક્ય તેટલી વહેલી તકે તમને જોવા માંગતો હતો. હું તમને બધાને સલામ કરવા માંગુ છું. પીએમ મોદીએ કહ્યું કે જ્યાં ચંદ્રયાન-3નું મૂન લેન્ડર લેન્ડ થશે, તે 'શિવ શક્તિ' પોઈન્ટ તરીકે ઓળખાશે. આ સાથે તેમણે કહ્યું કે જ્યાં ચંદ્રયાન-2એ તેના પદચિહ્ન છોડ્યા છે, તે 'ત્રિરંગા' તરીકે ઓળખાશે. તે જ સમયે, 23 ઓગસ્ટે, જે દિવસે ચંદ્રયાન-3 ચંદ્ર પર પહોંચ્યું, ભારત હવે તે દિવસને 'નેશનલ સ્પેસ દિવસ' તરીકે ઉજવશે.

બ્રિક્સ સંમેલન અને ગ્રીસ પ્રવાસ બાદ વડાપ્રધાન નરેન્દ્ર મોદી આજે સીધા બેંગલુરુ પહોંચ્યા હતા. પીએમ મોદી ઈસરોના કમાન્ડ સેન્ટર પહોંચ્યા અને ચંદ્રયાન 3 મિશનના વૈજ્ઞાનિકોને મળ્યા છે. આ દરમિયાન તેમણે ચંદ્રયાન-3ની સફળતા પર ઈસરોના ચીફ એસ સોમનાથ સહિત તમામ વૈજ્ઞાનિકોને અભિનંદન પાઠવ્યા હતા. ઈસરોના વડાએ પીએમ મોદીને ચંદ્ર મિશન વિશે માહિતી આપી હતી. ઈસરોના વૈજ્ઞાનિકોને સંબોધતા પીએમ મોદીએ કહ્યું કે ચંદ્રયાન 3 જ્યાં ઉતર્યું તે બિંદુ હવે શિવ શક્તિ તરીકે ઓળખાશે.

વડાપ્રધાન મોદી દક્ષિણ આફ્રિકા અને ગ્રીસની મુલાકાત બાદ સ્વદેશ પરત ફર્યા છે. વહેલી સવારે તે ગ્રીસથી સીધો બેંગ્લોર પહોંચી ગયો છે. પીએમ મોદી આજે ઈસરોના વૈજ્ઞાનિકોને મળશે અને ચંદ્રયાન-3ની સફળતા માટે અભિનંદન પાઠવશે.









## OBC અનામતને લઈને મોટા સમાચાર : નવરાત્રિ સુધી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી થવાની શક્યતાઓ

# ગુજરાત સરકાર આજે ઝવેરી કમિશનનો રિપોર્ટ જાહેર કરી શકે છે

**ગાંધીનગર, તા.30**

ગાંધીનગરમાં દર બુધવારે યોજાતી રાજ્ય સરકારની કેબિનેટની બેઠક આજે મળી છે. આવતીકાલે બુધવારે રક્ષાબંધનની રજા હોવાથી કેબિનેટની બેઠક આજે મળી છે. આજની બેઠકમાં મુખ્યમંત્રીની અધ્યક્ષતામાં કેટલાક મુદ્દાઓ પર ચર્ચાઓ કરવામાં આવી હતી. જેમાં ઘણા સમયથી ચર્ચામાં રહેતા ઝવેરી પંચના રીપોર્ટ પર વિચારણા હાથ ધરાઈ હતી. કેબિનેટની બેઠકમાં ચર્ચાઓ બાદ પંચાયતમાં OBC અનામત મુદ્દે આજે જાહેરાત થવાની શક્યતાઓ છે. કેબિનેટની બેઠકમાં ઝવેરી પંચના રિપોર્ટને સ્વીકારવામાં આવ્યો હોવાનું જાણવા મળ્યું છે.

પ્રાપ્ત વિગતો પ્રમાણે ગુજરાતમાં OBC અનામતને લઈને સરકાર ઝવેરી કમિશનનો રિપોર્ટ જાહેર કરે તકેવી શક્યતાઓ છે. રાજ્યમાં એક વર્ષ કરતાં વધુ સમયથી અનેક પંચાયતોમાં OBC બેઠકો ખાલી પડી છે. આ પંચાયતોમાં કોંગ્રેસે 27 ટકા OBC અનામતની માંગ કરી છે. ત્યારે હવે સરકાર રીપોર્ટ જાહેર કરે ત્યાર બાદ સ્થાનિક સ્વરાજની ચૂંટણી ટૂંક સમયમાં જાહેર થવાની પણ શક્યતાઓ છે. સુત્રો એવું પણ જણાવી રહ્યાં છે કે નવરાત્રિ સુધીમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણી જાહેર થઈ શકે છે.

સુપ્રીમ કોર્ટના હુકમ બાદ રાજ્ય સરકાર દ્વારા 8 જુલાઈ 2022ના રોજ ઝવેરી પંચની નિમણુંક કરવામાં આવી હતી. જેમાં સ્થાનિક રાજ્યના એકમોમાં અન્ય પછાત વર્ગોની બેઠકો નક્કી કરતા પહેલા આવી સ્થાનિક સ્વરાજની સંસ્થાઓમાં પછાતપણાના સ્વરૂપ અને અસરો તેમજ રાજનીતિ પરિસ્થિતિ અનુસાર પંચને વિશ્લેષણ કરીને સંપૂર્ણ રિપોર્ટ માટે રાજ્ય સરકારે સૂચના આપી હતી. સમયાંતરે ઝવેરી પંચની મુદત વધતી ગઈ અને અંતે 13 એપ્રિલ 2023ના રોજ પાંચ દ્વારા રિપોર્ટ સરકારમાં રજૂ કર્યો હતો. જેમાં આજ દિન સુધી કોઈ નિર્ણય ન થતા કૉંગ્રેસે ઓબીસી બચાવો આંદોલન શરૂ કર્યુ હતું.a






## ભેદરેખા બહુ પાતળી છે

**પુસ્તક સાભાર**



પરમ પૂજ્ય રાષ્ટ્રીય સંત પદ્મભુષણ આચાર્ય **વિજય રત્નસુંદરસૂરિશ્વરજી મહારાજ સાહેબ**

**135** 7કષાયો અને વિષયો વચ્ચેના એક અતિ મહત્ત્વના તફાવતને આંખ સામે રાખજો કે કષાયોનું સેવન મનને બહાર પણ નથી ગમતું અને અંદર પણ નથી ગમતું જ્યારે વિષયોનું સેવન મનને કદાચ બહાર નથી ગમતું, પણ અંદર તો ગમે જ છે. આ જ કારણસર વિષયોથી મનને પાછું વાળવું એ બહુ મોટો પડકાર બની રહે છે.

**136** રોજ મળતાં રોટલી-દાળ-ભાત-શાક અને કવચિત્ જ મળતી મીઠાઈ આ બે વચ્ચે પસંદગી કરવાની આવે તો માણસ મીઠાઈ જ પસંદ કરે ને ? અનંતકાળ મળેલા પાંચે ય ઈન્દ્રિયોના વિષયો અને અનંતકાળે મળેલ બ્રહ્મચર્યપાલનની તક. આ બે વચ્ચે પસંદગી કરવાના આપણી સમક્ષ આવેલા પડકારને જો આપણે ઝીલી લેવા માગીએ છીએ તો બ્રહ્મચર્ય પાલનની તકના પડકારને ઝીલી લેવા જેવો છે.

**માતા-પિતાને સાચવો નહીં તો સંપતિમાંથી હાથ ધોવા પડશે**

# ટ્રિબ્યૂનલના આદેશ પછી 30 દિવસમાં સંતાનોએ ઘર ખાલી કરવું પડશે

**બિહાર, તા.30**



દેશમાં વૃદ્ધ માતા પિતાને પોતાના જ સંતાનો દ્વારા ઘરમાંથી કાઢી મુકવાની કે મારપીટ કરવા અથવા ત્રાસ આપવાની ઘટનાઓ સામે આવતી હોય છે. આ સ્થિતિ વચ્ચે ઉત્તર પ્રદેશ સરકાર કાયદામાં સુધારો કરવા જઈ રહી છે અને આવા પીડિત માતા પિતાને પોતાની સંપત્તિમાંથી સંતાનોને કાઢી મુકવાની સરળ સત્તા આપવા જઈ રહી છે. જે સંતાનો પોતાના વૃદ્ધ માતા પિતાને ત્રાસ આપતા હોય તેમને ઘરમાંથી કે સંપત્તિમાંથી કાઢી મુકવા વધુ સરળ બનાવવામાં આવશે. સાથે જ આવા સંતાનો પાસેથી માતા પિતાની સંપત્તિમાં જે અધિકાર મળ્યો છે તેને પરત લઈ લેવામાં આવશે.

ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે રાજ્યના સોશિયલ વેલફેર વિભાગને આદેશ આપ્યો છે કે કાયદામાં સુધારા માટે એડવોકેટ જનરલની સલાહ લેવામાં આવે અને બાદમાં કેબિનેટ સમક્ષ આ સુધારાનો પ્રસ્તાવ રજુ કરવામાં આવે. હાલમાં ઉત્તર પ્રદેશમાં ૨૦૧૨થી કેન્દ્ર સરકારના માતા પિતાના ભરણપોષણ અને સીનિયર સિટિઝન કાયદા ૨૦૦૭નો અમલ કરવામાં આવ્યો છે. જેના નિયમો ૨૦૧૪માં ઘડવામાં આવ્યા હતા. યોગી સરકાર જે સુધારા કરવા જઈ રહી છે તેમાં આ કાયદામાં નવા નિયમો ૨૨-એ, ૨૨-બી, ૨૨-સી ઉમેરવામાં આવશે. જે નવા નિયમો ઉમેરવામાં આવશે તેનો ઉદ્દેશ્ય એવા વૃદ્ધ માતા પિતાનું રક્ષણ કરવાનો છે.

# પહેલાની સરકારોને ISRO પર વિશ્વાસ નહોતો: પૂર્વ વૈજ્ઞાનિક નંબી નારાયણ

**નવી દિલ્હી, તા.30**



ભારતના ચંદ્રયાન-3નું ચંદ્રના દક્ષિણ ધ્રુવ પર સફળ લેન્ડિંગ થઈ ગયું છે. ISROએ ચંદ્રયાન-3 ચંદ્રનું દક્ષિણ ધ્રુવ પર સફળ લેન્ડ થયા બાદ ઈતિહાસ રચી દીધો છે. ISROના પૂર્વ વૈજ્ઞાનિક નંબી નારાયણે જણાવ્યું કે, પહેલાની સરકારોને ISRO પર વિશ્વાસ નહોતો. આ જ કારણ છે કે, ભારતીય સ્પેસ એજન્સીને પૂરતા પ્રમાણમાં બજેટ આપવામાં નહોતું આવતું. ISROના શરૂઆતના દિવસો વિશે વાત કરતા નંબી નારાયણનો એક વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થઈ રહ્યો છે. આ વીડિયો બીજેપીએ પણ પોતાના સોશિયલ મીડિયા હેન્ડલ પર શેર કર્યો છે. વીડિયોમાં ઈસરોના પૂર્વ વૈજ્ઞાનિક કહી રહ્યા છે કે, સરકારોએ ઈસરોને ત્યારે ફંડ આપ્યું જ્યારે તેણે પોતાની વિશ્વસનીયતા સ્થાપિત કરી લીધી.

નંબી નારાયણે કહ્યું કે, અમારી પાસે જીપ, કાર કે કંઈ પણ નહોતું. એનો અર્થ એ કે, અમને કોઈ બજેટ ફાળવવામાં નહોતું આવતું. માત્ર એક બસ હતી જે શિફ્ટમાં ચાલતી હતી. શરૂઆતના દિવસોમાં આવી સ્થિતિ હતી.

## ૧૨૨. પંચતારણીમાં પુનિત સ્નાન

જુલાઈની ત્રીસમીએ જંગલોના કપરાં ચઢાણ વટાવીને ચંદનવાડી આવી પહોંચ્યા. ભયાનક ઠંડીથી સૌનું શર થર થર ધ્રુજતું હતું. ગરમ કપડાંવીંધીને ઠંડી શરીરની આરપાર ઉત જતી હતી. વારેવારે બધાં લાકડાનું તાપણું કરીને ઠંડીથી રક્ષણ મેળવવા પ્રયત્ન કરતા હતા. ધાર્મિક ક્રિયાકાંડો અને વિધિવિધાનોથી ઊંચેરા મહાન આધ્યાત્મિક પુરુષ હોવા છતાં હિન્દુધર્મશાસ્ત્રમાં બતાવેલા બધા યમ-નિયમોનું પાલન કરવા તે પ્રયત્ન કરતા. કારણકે વર્ષોના અનુભવના પ નિચોડ સમું ભારતીય સંસ્કૃતિનું મૂળ તે છે. તેઓ ઈચ્છતા હતા કે નવેદિતા પણ બીજા યાત્રીઓની જેમ ઉઘાડે પગે જ યાત્રા કરે.તેથી હિમનદ વગેરે બરફીલાં અને પથરીલાં સ્થળોએ બધાંએ ઊઘાડે પગે જ યાત્રા કરી. આખરે અમરનાથની ગુફા નજીક આવી પહોંચ્યાં. રાત્રે લાકડાં એકઠાં કરી તાપણું કર્યું.ત્યાં જ પથારી કરીને બધાં સૂઈ ગયાં. પરોઢ પડ્યું છતાં ઠંડીને કારણે કોઈ ઊઠવાનું નામ લેતું ન હતું. સ્વામીજી બ્રાહ્મ મુહૂર્તમાં ચાર વાગ્યે ઊઠી ગયા. સુસવાટા મારતો ઠંડો પવન શરીરને થીજવી દેતો હતો. આવી ઠંડીમાં સ્નાન પણ શી રીતે કરવું ? બાજુમાં પંચતારણી નામનું સ્થાન હતું. જ્યાં પાંચ પવિત્ર ઝરણાં વહેતાં હતાં. એવી લોકવાયકા હતી કે વારાફરતી પાંચે ઝરણામાં સ્નાન કર્યા પછી જે અમરનાથનાં દર્શન કરવામાં આવે તો યાત્રા ફળે છે. સ્વામીજીએ ફક્ત એક કૌપીન ધારણ કરીને પાંચે ઝરણાંઓમાં વારાફરતી સ્નાન કર્યું. આટલી મુશ્કેલીઓ વેઠીને આટલે બધે આવ્યા છીએ તો એક મુશ્કેલી મોર સહી, એવું સમજીને 'હર હર મહાદેવ'ના મંત્રો સાથે બરફ જેવા પાણીથી સ્નાન કર્યું. પ્રભાતનાં સોનેરી કિરણો ફૂટી નીકળ્યાં. સ્નાનવિધિ વગેરે પૂરી કરી તૈયાર થઈને બેઠેલા સ્વામીજીને જોઈ બધાં નવાઈ પામ્યા. સ્વામીજીએ પંચતારણી ઝરણાંની વાત કરી ત્યારે બધાં નવાઈ પામ્યાં. છેવટે સૌપંચતારણી ઝરણામાં પુનિત સ્નાન કરી. જાતને ધન્ય બનાવી, અમરનાથનાં દર્શનાર્થે નીકળ્યાં.



## અમને જણાવો

**વાચકો પોતાના મંતવ્યો તેમજ તેમના મુંઝવતા પ્રશ્નો દર રવિવારે અને ગુરુવારે સાંજે 5 થી 6 દરમ્યાન જણાવી શકો છો**

**મો-7698720937**

**નોંધ : માતૃરક્ષામાં આવતા લેખોની જવાબદારી લેખકની રહેશે**

**કાર્યક્રમની શરૂઆતમા ડાંગી નૃત્યની વિશેષ પ્રસ્તુતિ પણ કરવામાં આવી**

# અ.ભા.વિ.પ ના ૭૫ વર્ષ પૂર્ણ થવા નિમિત્તે અમૃત મહોત્સવનુ આયોજન કર્ણાવતી ખાતે કરાયું

**?????, તા.30**



અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ, ગુજરાત પ્રદેશ દ્વારા અમૃત મહોત્સવ સમારોહ નું આયોજન કરવામાં આવ્યું. આ સમારોહ નુ આયોજન ABVP ના ૭૫ વર્ષ પૂર્ણ થવા નિમિત્તે કરવામાં આવ્યું હતું. આ સમારોહ મા મુખ્ય અતિથિ તરીકે શ્રી અતુલ ભાઈ કોઠારી (રાષ્ટ્રીય સચિવ , શિક્ષા સંસ્કૃતિ ઉત્થાન ન્યાસ અને અ.ભા.વિ.પ ના પૂર્વ રાષ્ટ્રીય મહામંત્રી) અને શ્રી આશિષજી ચૌહાણ ( અ.ભા.વિ.પ રાષ્ટ્રીય સંગઠન મંત્રી) વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. સાથે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ ના ક્ષેત્રિય સંઘચાલક ડૉ. જયંતી ભાઈ ભાડેસીયા, ઈફ્કો ના ચેરમેન શ્રી દિલિપ ભાઈ સંઘાણી, નિવૃત શાસનાધિકારી શ્રી અશ્વિન ભાઈ ત્રિવેદી ,અ.ભા.વિ.પ ના ગુજરાત પ્રદેશ ઉપાધ્યક્ષ શ્રી લક્ષ્મણ ભાઈ ભુતડિયા અને અ.ભા.વિ.પ પ્રદેશ મંત્રી કુ. યુતિ બેન ગજરે પણ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા.

આ અમૃત મહોત્સવ ના કાર્યક્રમ મા વિધાર્થી પરિષદ ના પૂર્વ કાર્યકર્તાઓએ પ્રાણ પુરવાનુ કાર્ય કર્યું હતું. આ કાર્યક્રમમાં પૂર્વ મા વિધાર્થી પરિષદ મા પ્રતિનિધિત્વ કરેલ અને જે તે સમય દરમ્યાન તમામ કાર્યકર્તાઓનુ મોમેન્ટો આપી સન્માન પણ કરવામાં આવ્યું. તમામ પૂર્વ કાર્યકર્તાઓ એકબીજા ને યાદો તાજા કરી. અને પોતાના અનુભવો ની રસપ્રદ ચર્ચા થકી સમારોહ મા ઉત્સાહભેર સહભાગી થયા. આ સમારોહ મા વિશિષ્ટ અતિથી ના ભાષણ પણ રાખવામાં આવ્યા હતા.

## સ્વાધીનતા સંગ્રામના 75 શુરવીરો



**સરોજિની નાયડુ**
**જન્મઃ 13 ફેબ્રુઆરી, 1879**
**મહાપ્રયાણ : 2 માર્ચ, 1949**

સચ બોલના અચ્છા હૈ, મિત્ર સચે ના ઔર અધિક અચ્છા હૈ...! આ બોધવાથ ૧૯૧૯માં દામન જનસભામાં બોલનારા કવયિત્રી સ્વતંત્રતા સેનાની તેમજ ભારતનાં બુલબુલ તરીકે જાણીતાં એવાં સરોજિની નાયડો થા ૧૩ફેબ-નારી ૧૮૭૯ના રોજ હૈદરાબાદના બ્રાહ્મણ કુટુંબમાં થયો હતો. તેમના પિતાનું નામ અધોરીનાથ ચટ્ટોપાય હશે, જેઓ વિદ્વાન, વૈજ્ઞાનિક, તત્ત્વજ્ઞ, સમાજ સુધારક અને કેળવણીકાર હતા. સરોજિનીનાં માતાનું નામ વર્ષે સુરીદવી જેઓ યિત્રી હતા. સરોજિની નાયડું ૧૨ વર્ષની ઉંમરે મેટ્રિકની પરીક્ષા પાસ કરીને મદ્રાસમાં પ્રથમ નંબરે ઉત્તીર્ણ થ હતાં. ત્યારબાદ ૧૮૯૫માં ઈંગ્લેન્ડ ગયાં જ્યાં લંડનની કિંગ્સ કોલેજ અને કેમ્બ્રિજની ગિસ્ટન કોલેજમાં વિદ્યાભ્યાસ કર્યો ૧૮૯૮માં ગોવિંદરાજુલ નાયડુ સાથે તેમણે સિવિલ મેરેજ કર્યા હતા. એમને ચાર સંતાનો હતાં. જયસૂર, પદ્મનું ૨ અને લીલામણ. સરોજિની નાયડુ ઈ.સ. ૧૯૧૭માં રાજકારણમાં સક્રિય બન્યાં. એ પહેલાં ઈ.સ. ૧૯૦૮માં ૧૦૦ મળેલા વિધવા પુનઃ લગ્ન માટેના અધિવેશનમાં તેમણે સીઓને જાગૃત કરવા અથાગ પરિશ્રમ કર્યો હતો. તેમણે રંગના રોગચાળા દરમિયાન આપેલી સેવાઓને ધ્યાનમાં રાખીને હૈદરાબાદમાં 'કૈસરે હિંદ'નો સુવર્ણચંદ્રક આપવામાં આવ્યો ઈ.સ. ૧૯૧૫થી ૧૯૧૮ સુધી તેઓ ભારતના વિવિધ ગામડાં અને શહેરોમાં પૂર્ણ કલ્યાણ, શ્રમનું ગૌરવ, મહિલાઓને મુશ્કેલીઓની મુક્તિ તથા રાષ્ટ્રવાદ જેવા વિષયો પર પ્રવચનો આપતાં હતાં. અંગ્રેજો દ્વારા થોપી બેસાડવામાં આવેલા ૨ એક્ટનો તેમણે ખૂબ વિરોધ કર્યો હતો. ૧૯૧૯માં થયેલા જલિયાંવાલા બાગના હત્યાકાંડ તથા અમૃતસરમાં લશ્કરી કર્યો વિરુદ્ધ તેમણે ધારદાર વકતવ્યો આપ્યાં હતાં અને સાહિત્યનું વિતરણ કર્યું હતું. ઈ.સ. ૧૯૨૫માં તેઓ ભારતીય કોંગ્રેસન પ્રમુખ પદે ચૂંટાયા. એમના સાહિત્ય જીવનમાં ડોકિયું કરીએ તો એમનો પ્રથમ કાવ્યસંગ્રહ 'હીરાની ઉંબર' ઈ.સ. ૧૯૭૫મ બહાર પડ્યો. તેમણે ધ લેડી ઓફ લેક' શીર્ષક હેઠળ ૧૩૦૦ પંક્તિઓની કવિતા તથા ૨૦૦૦ પંક્તિઓનું નાટક લખ્યું તેમણે ૧૯૦૫માં 'ધ ગોલ્ડન થશેલ્ડ', ૧૯૧૨માં 'ધ બર્ડ ઓફ ટાઈમ' અને ૧૯૧૭માં 'ધ બ્રોકન વિગ'નામના કાવ્યસંગ્રહો પ્રગટ કર્યાં. આ રીતે બધાં કાર્યો વચ્ચે પણ પોતાનો સાહિત્યિક રસ જીવતો રાખતા હતા. ૧૯૧૭માં તેમાં 'વુમન્સ ઈન્ડિયન એસોસિયેશન'ની સ્થાપના કરી. ગાંધીજી સાથે ગોળમેજી પરિષદમાં પણ ગયા હતા અને સ્વાતંત્ર્યનો પ્રવૃત્તિઓ માટે જેલમાં પણ ગયાં હતાં. અસહકારની ચળવળ, 'ભારત છોડો આંદોલન' વખતે અનેક વાર ધરપકડ હતી. અંતે ૨ માર્ચ ૧૯૪૯માં તેઓ રાજ્યપાલના હોદા પર હતા તે દરમિયાન તેમનું અવસાન થયું હતું.

સૌજન્ય/હિન્દુ આધ્યાત્મિક અને સેવા સંસ્થાન

**ચંદ્રયાન-3ની સફળતા બાદ ભદ્રકાળી મંદિર પહોંચ્યા**

# ISRO ચીફ એસ.સોમનાથ, કહ્યું 'હું ધર્મગ્રંથ પણ વાંચુ છુ

**નવી દિલ્હી, તા.30**



ચંદ્રની સપાટી પર ચંદ્રયાન-3ના સફળ લેન્ડિંગ બાદ ભારતીય અવકાશ સંશોધન સંસ્થા - ISROના ચીફ એસ.સોમનાથ આજે તિરુવનંતપુરમમાં પૂર્ણમિકવુ ભદ્રકાળી મંદિર પહોંચ્યા હતા. અહીં તેમણે પૂજા-અર્ચના કર્યા બાદ કહ્યું કે, વિજ્ઞાન અને આધ્યાત્મિકતા બંને જુદી જુદી બાબતો છે.

# અયોધ્યાના રામમંદિરમાં રામલલ્લાના દર્શન કરવા ભક્તોને મળશે માત્ર આટલો જ સમય

**અયોધ્યા, તા.30**



અયોધ્યામાં બની રહેલા ઐતિહાસિક રામ મંદિરનું નિર્માણ કાર્ય યુદ્ધના ધોરણે ચાલી રહ્યું છે. આગામી વર્ષની શરૂઆતથી લોકો રામ મંદિરમાં રામ લલ્લાના દર્શન કરશે. જેમ જેમ તારીખ નજીક આવી રહી છે તેમ-તેમ રામ મંદિરમાં દર્શન સાથે જોડાયેલી માહિતી પણ મળી રહી છે. રામમંદિર બાંધકામ સમિતિના અધ્યક્ષ નૃપેન્દ્ર મિશ્રાએ રામ મંદિરને લઈને મહત્વની માહિતી આપતા જણાવ્યું છે કે, ભક્તોને આ મંદિરમાં દર્શન કરવા માટે માત્ર 20 સેકન્ડનો જ સમય મળશે, જ્યારે કોઈપણ વ્યક્તિ 1 કલાક સુધી રામ મંદિર પરિસરમાં રહી શકશે. નૃપેન્દ્ર મિશ્રાનું કહેવું છે કે, રામ મંદિરનું ગ્રાઉન્ડ ફ્લોરનું કામકાજ ડિસેમ્બર 2023 સુધીમાં પૂર્ણ થઈ જશે. જાન્યુઆરી 2024માં મંદિરમાં રામ લલ્લાની સ્થાપના કરવામાં આવશે. આ માટે પ્રાણ પ્રતિષ્ઠા થશે, વડાપ્રધાન નરેન્દ્ર મોદી આ દરમિયાન હાજર રહેશે અને તેમની પાસેથી સમય પણ માંગવામાં આવ્યો છે. નૃપેન્દ્ર મિશ્રાનું કહેવું છે કે મંદિરનો બીજો માળ ડિસેમ્બર 2024 સુધીમાં પૂર્ણ થઈ જશે, જ્યારે બાકીના પ્રાંગણનું કામ ડિસેમ્બર 2025 સુધીમાં પૂર્ણ થઈ જશે. સુરક્ષાની દષ્ટિએ અહીં ઘણું કામ થઈ રહ્યું છે, મંદિરના પહેલા સ્તરની સુરક્ષા રાજ્ય સરકારના હાથમાં હશે, જ્યારે કેન્દ્રીય ગૃહ મંત્રાલય પણ અહીં સતત નજર રાખશે. મંદિરમાં એવી વ્યવસ્થા કરવામાં આવી રહી છે કે 50 હજારથી 10 લાખ ભક્તો એક દિવસમાં એક સાથે આવી શકે. રામ મંદિરના નિર્માણની તસવીરો સોશિયલ મીડિયા પર સતત દેખાઈ રહી છે અને વાયરલ થઈ રહી છે. ભક્તોમાં ઉત્સુકતા છે કે તેઓ ક્યારે અને કેવી રીતે દર્શન કરી શકશે.

## જ્યોતિષ આચમન

# કાલસર્પ યોગ



**દિનેશભાઈ એમ. પાઠક ઉમરાયાવાળા**

**આપણા પ્રતિભાવ વોટ્સએપ નં-7698720937 પર મોકલો**

લેખની શરૂઆત કરતા પહેલા જણાવીએ કે ઘણા બધા પંડીતો, જ્યોતિષીઓ, વિદ્વવાનો જણાવે છે કે કાલસર્પ યોગ ઈ.સ. ની બારમી સદી પછી વધુ પ્રચલીત થયોછે, કાલસર્પ યોગનો ઉલ્લેખ ભૃગુસંહિતામાં જોવા મળતો નથી, બીજી વાત કાલસર્પ યોગ લગભગ ૭૦ % લોકોને હોય છે, ત્રીજીવાત સ્વપ્ન એટલે અંતઃકરણમાં દબાએલા ભાવ તેમજ ડર લાગે તેવા વિચારોનુ પ્રતિબિંબ છે.

આપ જાણતાજ હશો કે સમુદ્ર મંથન સમયે સમુદ્રમાંથી હળાહળ ઝેર નિકળ્યુ તે તો દેવાધિદેવ મહાદેવ પી ગયા ને તેમણે પોતાના કંઠમાં રાખ્યુ ને તે નિલકંઠ કહેવાયા અને પછી અમૃત નીકળ્યુ તો દેવો અને દાનવો વચ્ચે ઝઘડો થતા, તે સમયે રાહુ વિગેરે રાક્ષસોનુ ધ્યાનભંગ કરાવવા માટે અમૃત કુંભ લઈને ભગવાન વિષ્ણુએ મોહીનીનુ રૂપ લઈને દેવોને લાઈન બધ્ધ બેસાડી અમૃત પીરસતા હતા તે સમયે રાહુ ને ખ્યાલ આવી જતા દેવોનુ રૂપ લઈને દેવોની લાઈનમાં ઘુસી ગયેલ અને ભગવાન વિષ્ણુએ લાઈન બેઠેલ રાહુને અમૃત આપતાની સાથેજ ભગવાન વિષ્ણુને તરતજ ખબર પડી જતા ભગવાને સુદર્શન ચક્ર ચલાવીને રાહુનુ મસ્તક કાપી નાખ્યુ પણ અમૃત રાહુના ગળા સુધી ગયેલ તેથી તે મુત્યુ ન પામતા શરીરના બે ટુકડા થયા અને માથાનો ભાગ તે રાહુ અને પછીનો ભાગ તે કેતુ તરીકે ઓળખાયા, રાહુ અને કેતુ તે છાયા ગ્રહો કહેવાય છે, ખગોળની રીતે આકાશમાં અસ્તીત્વ નથી

મુળ વાત પર જઈએ તો કાલસર્પ યોગ એટલે રાહુ અને કેતુ ની વચ્ચે બધા ગ્રહો આવી જતા હોય તો તેવી કુંડળી માં કાલસર્પ યોગ બનેછે. આ લેખની શરૂઆતમાં દરેક ગ્રહને એક રાશીમાં રહેવાનો સમય અલગ અલગ છે તે જણાવેલ, સુર્ય એક રાશીમાં એક મહીનો, બુધ એક રાશીમાં લગભગ બાવીસ દિવસ, મંગળ એક રાશીમાં એક મહીનો, શુક્ર એક રાશીમાં એક મહીનો, આ શુક્ર સુર્યની નજીકમાંજ હોય છે તે વધુમાં વધુ બે રાશી આગળ કે પાછળ હોય છે, ચંદ્ર એક રાશીમાં સવા બે દિવસ, હવે વધારે સમય એક રાશીમાં રહેનારા ગ્રહો ગુરૂ એક રાશીમાં તેર મહીના, (ક્રમશઃ) વધુ આવતા અંકે




# તંત્રી સ્થાનેથી


ગોપાલ ચાવડા

વરસાદે ગુજરાતમાં લાંબો વિરામ લીધો છે જેથી ખેડુતો ખેતરોમાં સારી રીતે કામ કરી રહ્યા છે તેના કારણે ખેતરોમાં બાઝેલા ઘાસ નાં બીડ સાફ થશે અને મુખ્ય ખેતી કઈક સારી થશે તેવો આશાવાદ દેખાય છે ભારતે ચંદ્ર ઉપર ચંદ્ર યાન ૩, ઉતારીને સમગ્ર વિશ્વમાં ભારત નુ વજૂદ સ્વીકારવું પડ્યું છે વૈજ્ઞાનિકોને અને સરકારને જેટલા અભિનંદન આપીએ તેટલા ઓછા છે

વાત કરીએ પાદરાની તો વર્ષો થી તેના પડતર વિકાસ માટે ઝંખી રહ્યા છે પાદરાની પ્રજા ત્યારે હાલના યુવા ધારાસભ્ય ચૈતન્ય સિહ ઝાલા સમકક્ષ પ્રજાને ખૂબ મોટી આશા છે જેમાં મુખ્ય પ્રશ્નો પાદરામાં ઓછા TDS વાળુ પાણી અને વગર મોટરે પ્રથમ માળે પાણી પૂરા પ્રેશર થી પ્રજાને મળે પાદરા જંબુસર માર્ગ ડીવાઈડર સાથેનો ચાર માર્ગી રોડ બને, મહિસાગર નદી ઉપર તિથોર ખાતે આડ બંધ બને પાદરામાં હર ઘર ગેસ લાઈન આ પ્રાણ પ્રશ્નો જે અટકેલા છે વિકાસ સાથે જોડાયેલા છે તેનો સત્વેરનિકાલ થવો જોઈએ તે માટે માતૃરક્ષા ન્યૂઝ આગામી સમય માં મોટી ઝુંબેશ શરુ કરશે આ માટે પ્રજાએ જાગવું પડશે અને સફળતા નાં મળે ત્યા સુધી તેની પાછળ લાગેલા રહેવું પડશે બીજી અગત્ય ની વાત છેલા ૪મહિનામાં ૩થી વધૂ કિસ્સા પ્રકાશમાં આવ્યા છે લવ જેહાદ નાં જે પરણિત હિન્દુ મહિલાઓ ને મુસ્લીમો નાં વાસના નાં શિકારીઓ દ્વારા ફસાવીને પરિવારોને તોડવાના બનાવો સામે આવ્યાં છે જે હિન્દુ સમાજે જાગવાની અને ચેતવાની જરૂર છે આ શિલ શિલો આગળ વધે શે તો અનેક પરિવારો ખલાસ થઈ જશે આતો આવાં કિસ્સા બહાર આવ્યાં છે તો ખબર પડી આવાં બીજાં કિસ્સા ભૂગર્ભ માં નહિ હોઈ?

તો હિન્દુ સમાજ જાગે આપણી આજુબાજુ શુ થઈ રહ્યું છે આ આપણા પરીવાર નાં સદસ્યો સાથે નથી થઈ રહ્યું ને?

## આવું કદી કર્યું છે....

જીવનમાં આપને એવી વાતો કરતા રહી જઈએ છે જે ખરેખર તમને એક નવી જ દિશા આપી સકે છે. ચાલો આપણે આજે નાના નાના પ્રયોગો દ્વારા જીવન ને નવીન દિશા તરફ લઈ જઈએ.. અત્રે આપેલા પ્રયોગો તમને તેજસ્વી જીવન જીવવા મદદ કરશે.. ૧) સવારે જ્યારે તમારી આંખ ખૂલે ત્યારે નાશિક આગળ હાથ લઈ જઈ ને ચકાસવું કે કયી બાજુ ના નાક ના ભાગ માંથી શ્વાસ વધારે પ્રમાણ માં નીકળે છે. જમણું કે ડાબુ, જે પણ બાજુ માંથી નીકળતો હોય શ્રવાસ તે બાજુ નાં હાથ થી તે બાજુ નાં અંગો નો સ્પર્શ કરવો, અને જમીન ઉપર તેજ પગ પહેલો મૂકવો જે બાજુ નો શ્વાસ વધારે ચાલતો હોય અને ત્યાં બાદ પહેલા પાંચ કદમ તેજ પગ ને આગળ રાખી ભરવા,ધાર્યું કામ થશે,દિવસ આખ્ખો આનંદમય અને સફળતા અપાવશે. ૨) સવારે આકાશ તરફ જોઈ ને પ્રાથના કરવી કે હે આકાશ તત્વ તમે મારા આ શરીર ઉપર વિશેષ આશીર્વાદ આપો અને મારા જીવન ને તમારા જેવું વિસ્તૃત બનાવો. બસ આ પ્રાથના કરતા જ તમારા રોજીંદા જીવન માં ધરખમ પરિવર્તન ચાલુ થઇ જશે જેનો આપને ખ્યાલ પણ નહિ આવે. સૌથી સૂક્ષ્મ અને વિસ્તૃત તત્વ આકાશ તત્વ છે જેનું આપના શરીર માં આગવુ મહત્વ છે. ૩) જો તમે સફળતા મેળવવા માગતા હોય તો આ અચૂક કરવું. સવારે ઉઠી ને તમારા બંને પગ ના ઘૂંટણ ને બંને હાથ થી પકડી તેના તરફ દ્રષ્ટિ રાખી ને તમારે જે પણ જરૂર છે તેની પૂર્ણ શ્રદ્ધા સાથે માગણી કરવી.જે પણ તમારે જરૂર હોય ભૌતિક હોય કે આધ્યાત્મિક ,આ રીતે પૂર્ણ પ્રાથના સાથે માંગણી કરવી તે જરૂર પૂરી થશે. આ પ્રયોગો એ હજારો લોકો ના જીવન માં ચમત્કારિક રીતે પરિવર્તન લાવ્યા છે તો જે આપના જીવન માં કેમ નહિ લાવે.આ પૂર્ણ વિજ્ઞાનિક છે જે તમને તમારા જીવન માં નવીન દિશા આપી ને જીવન ઉજ્વળ બનાવશે.પણ આ લેખ ને વાંચન પૂરતો મર્યાદિત ન રાખતા તેને રોજીંદા જીવન માં અમલ કરવો જ જોઈએ જેથી આપનું જીવન સુખમય બને.

શબ્દ બ્રહ્મ


: લેખક :
પ્રણવ ઉપાધ્યાય

## LCA તેજસ Mark-1A વર્તમાન વેરિઅન્ટ કરતાં ઘણા સુધારાઓ સાથે આવશે

**નવી દિલ્હી, તા.30**

ભારતીય વાયુસેનાને વધુ શક્તિશાળી માટે સ્વદેશી રીતે વિકસિત 100 વધુ LCA તેજસ Mark-1A જેટ એરક્રાફ્ટનો ઓર્ડર આપવાનું વિચારી રહી છે. LCA તેજસ Mark-1A વર્તમાન વેરિઅન્ટ કરતાં ઘણા વધારાના સુધારાઓ સાથે આવશે. ભારતીય વાયુસેના આવનારા સમયમાં વધુ મજબૂત બનશે. ભારતીય એરફોર્સના હિન્દુસ્તાન એરોનોટિક્સ લિમિટેડ (HAL)ને વધુ 100 LCA તેજસ Mark-1A જેટ એરક્રાફ્ટનો ઓર્ડર આપવાની યોજના બનાવી રહી છે.

### ધુમાળાના ગોટેગોટા ઉડ્યા. ગોડાઉમાં ઈલેક્ટ્રીક-ટુ-વ્હિલર્સ બળીને રાખ

# આંધ્રપ્રદેશમાં બાઈકના શો-રૂમમાં લાગી ભયંકર આગ, 500 બાઈકો બળીને રાખ, કરોડોનું નુકસાન

**આંધ્રપ્રદેશ, તા.30**



આંધ્રપ્રદેશનાં વિજયવાડામાં આજે ભિષણ આગ લાગવાની ઘટના સામે આવી છે. એક બાઈક શોરૂમમાં આગમાં લગભગ 500થી વધુ વાહનો સળગીને રાખ થઈ ગયા છે. જોકે આગમાં કોઈ જાનહાની સર્જાઈ નથી. શોર્ટ સર્કિટના કારણે આગ લાગી હોવાનું કહેવાઈ રહ્યું છે. ચેન્નાઈ-કોલકાતા રાષ્ટ્રીય ધોરીમાર્ગ પાસે કેપીનગર વિસ્તારમાં આજે સવારે ટીવીએસ શોરૂમ અને ગોડાઉનમાં આગ લાગતા અફરાતફરી સર્જાઈ

પોલીસના જણાવ્યા મુજબ પહેલા શોરૂમના પહેલા માળે આગ લાગી. ત્યારબાદ આગે એવું વિકરાળ સ્વરૂપ લીધું કે બાજુમાં આવેલા ગોડાઉનને પણ પોતાની ઝપટમાં લઈ લીધું. હાલ ઘટનાસ્થળે ફાયર બ્રિગેડના 5 વાહનો અને સુરક્ષા કર્મચારીઓ સહિતનો કાફલો પહોંચી ગયો છે. પોલીસ અધિકારીઓના જણાવ્યા મુજબ પ્રી-ફેબ્રિકેટેડ સ્ટ્રક્ચરના કારણે આગ ઝડપથી ફેલાઈ શોરૂમની બાજુમાં આવેલ ગોડાઉનમાં ઈલેક્ટ્રીક ટુ-વ્હિલર્સ પડેલા હતા, જેના કારણે આગે વધુ વિકરાળ બની..

કંપનીનો શોરૂમ, ગોડાઉન અને સર્વિસ સેન્ટર એક જ જગ્યા પર હતા, તેથી અહીં મોટી સંખ્યામાં ટુ-વ્હિલર્સ વાહનો હતા. આ શોરૂમ વિજયવાડા અને સંયુક્ત કૃષ્ણા જિલ્લાનું સૌથી મોટું કેન્દ્ર હતું. પોલીસે ફરિયાદ નોંધી તપાસ શરૂ કરી છે. અધિકારીઓને આશંકા છે કે, કેટલાક ઈલેક્ટ્રીક ટુ-વ્હિલર્સને ચાર્જ કરવામાં આવી રહ્યા હતા, જેના કારણે શોર્ટ સર્કિટ થયું..

જિલ્લા ફાયર ઓફિસર સનકારાવે કહ્યું કે, જ્યારે અમે પહોંચ્યા તો શોરૂમ સંપૂર્ણ આગ અને ધૂમાળાની લપેટમાં આવી ગયો હતો. દોઢ કલાકની ભારે જહેમત બાદ આગ પર કાબુ મેળવાયો હાલ આગ લાગવાના કારણોની તપાસ ચાલી રહી છે. આગમાં 1000માંથી 400-500 વાહનો સળગીને રાખ થઈ ગયા શોરૂમના માલિકને 15 કરોડ રૂપિયાનું નુકસાન થવાનો અંદાજ છે.

## સુરતમાં હિન્દુ યુવતીએ મુસ્લિમમાં રહેવાનો ઈનકાર કરતા બંગાળી યુવક 'રોહિત શર્મા' બની ગયો

**સુરત, તા.30**



યુવક સ્પામાં સાથે નોકરી કરતી હિન્દુ યુવતી સાથે પ્રેમ થતા લગ્ન કર્યા જોકે યુવતીએ મુસ્લિમ વિસ્તારમાં રહેવાનો ઈનકાર કરતા યુવકે આવો જુગાડ કર્યો અને રોહિત શર્માના નામથી નકલી આધારકાર્ડ બનાવડાવ્યું. આ સાથે સ્પામાં નોકરી વખતે સાચું નામ છુપાવવા તેણે મુસ્લિમ નામથી પણ ત્રીજું આધારકાર્ડ બનાવડાવ્યું હતું.

હકીકતમાં SOGને પાલનપોર પાટીયા ખાતે હિમગીરી એપાર્ટમેન્ટમાં રહેતા 26 વર્ષના રોહિત શર્માએ મુસ્લિમ હોવાની અને હિન્દુ નામથી આધારકાર્ડ બનાવડાવ્યા હોવાની બાતમી મળી હતી. જેના આધારે તેની અટકાયત કરતા તેની પાસેથી બે મુસ્લિમ અને એક હિન્દુ નામના આધારકાર્ડ મળ્યા હતા. યુવકની કડક પૂછપરછ કરતા તેણે અનેક મોટા ખુલાસાઓ કર્યા હતા.

જેમાં તેણે પોતે પં.બંગાળના ઉત્તર દિનાજપુર જિલ્લાનો વતની હોવાનું અને પોતાનું સાચું નામ મોહમ્મદ તોહિદુલ અજીજ હક્ક હોવાનું જણાવ્યું હતુ. તે 7 વર્ષ પહેલા સુરતમાં નોકરી માટે આવ્યો હતો અને સ્પામાં મેનેજર તરીકે નોકરીએ લાગ્યો હતો. જોકે સ્પાની આડમાં કુટણખાનું ચાલતું હોવાથી બદનામીથી બચવા અહેમદ અરાન ખાનના નામથી નકલી આધારકાર્ડ બનાવ્યું હતું.

દરમિયાન તેને સ્પામાં સાથે કામ કરતી હિન્દુ યુવતી સાથે પ્રેમ થયો અને બંનેએ લગ્ન કરી લીધા. જોકે યુવતી મુસ્લિમ વિસ્તારમાં રહેવા માગતી નહોતી. એવામાં તેણે હિન્દુ વિસ્તારમાં મકાન લેવા માટે રોહિત શર્માના નામથી ત્રીજું આધારકાર્ડ બનાવડાવ્યું હતું. તેણે પૂછપરછમાં જણાવ્યું હતું કે, કામરેજમાં 1500-1500 રૂપિયા આપીને બંને નકલી આધારકાર્ડ બનાવડાવ્યા હતા.

## લેન્ડર વિક્રમ અને રોવર પ્રજ્ઞાનનું? ISROના વૈજ્ઞાનિકે કર્યો મોટો ખુલાસો



**નવી દિલ્હી, તા.30**

ચંદ્રયાન-3ના રોવર પ્રજ્ઞાન અને લેન્ડર વિક્રમ ચંદ્ર પરથી સાઈન્ટિફિક ડેટા એકત્ર કરીને ધરતી પર મોકલી રહ્યા છે. 14 દિવસના મિશનો લગભગ અડધો હિસ્સો પૂરો થઈ ચૂક્યો છે. તમામના મનમાં આ સવાલ જરૂર હશે કે, 14 દિવસ બાદ પણ વિક્રમ અને પ્રજ્ઞાન કામ કરતા રહેશે. ચંદ્રયાન-3 મિશનનો હિસ્સો રહેલા એમ. શ્રીકાંતે તેનો જવાબ આપ્યો છે. તેમણે આ વાતની સંભાવના વ્યક્ત કરી છે કે, 14 દિવસની રાત બાદ જ્યારે ચંદ્ર પર ફરી સૂરજ નીકળશે ત્યારે ચંદ્રયાન-3 ફરી કામ કરી શકે છે.

ચંદ્ર પર 23 ઓગષ્ટના રોજ સૂરજ નીકળ્યો હતો અને 14 દિવસ સુધી ત્યાં સૂરજની રોશની રહેશે. ત્યાં સુધી પ્રજ્ઞાન અને વિક્રમ પણ કામ કરતા રહેશે. પરંતુ જેવો સૂર્યાસ્ત થશે અને રાત્રિની શરૂઆત થતાં જ બંને ઈનએક્ટિવ થઈ જશે. જોકે, 14 દિવસોની રાત્રિ બાદ જ્યારે ફરીથી સૂરજ નીકળશે તો કદાચ બની શકે કે, પ્રજ્ઞાન અને વિક્રમ ફરીથી પોતાનું કામ શરૂ કરી શકે છે.

શ્રીકાંતે કહ્યું કે, અમારી પ્રાથમિકતા એ સુનિશ્ચિત કરવાની છે કે, એક લૂનાર દિવસ (પૃથ્વીના 14 દિવસ) જ્યારે ત્યાં સૂરજની રોશની રહે છે ત્યાં સુધીમાં અમે જેટલું બની શકે એટલો વધુ સાઈન્ટિફિક ડેટા એકત્ર કરી લઈએ. હજુ સાત દિવસ રોવર અને લેન્ડર ચંદ્ર પર કામ કરશે.

### એક હિંદુ મહિલાના પરિવારજનોએ આરોપ લગાવ્યો છે

# પરણિત હિંદુ મહિલાને પ્રેમ જાળમાં ફસાવી, પછી કરાવ્યું ધર્મપરિવર્તન

**ઉત્તર પ્રદેશ, તા.30**



ઉત્તર પ્રદેશના સંભલમાં લવ જેહાદનો એક કિસ્સો પ્રકાશમાં આવ્યો છે, જ્યાં એક પરિણીત હિન્દુ મહિલાને વિધર્મી યુવક દ્વારા ફસાવીને લઈ ગયો હતો. મહિલાનું બ્રેઈનવોશ કરીને તેનો ધર્મ પરિવર્તન કરવાનો પણ આરોપ લાગ્યો છે. હાલમાં, પોલીસે મહિલાને શોધી કાઢી છે અને સંબંધીઓના જણાવ્યા અનુસાર, વિધર્મી યુવક વિરુદ્ધ ગુનો નોંધ્યો છે. પોલીસે આરોપીની ધરપકડ કરી છે અને મહિલાનું નિવેદન નોંધ્યા બાદ તેને ઘરે પરત મોકલી દીધી છે.

મળતી માહિતી મુજબ આ આખો મામલો ચંદોસી કોતવાલી વિસ્તારનો છે. આરોપીનું નામ ગુલ મોહમ્મદ જણાવવામાં આવી રહ્યું છે. હકીકતમાં, સંભલ જિલ્લાના ચંદૌસી પોલીસ સ્ટેશન વિસ્તારમાં રહેતી એક પરિણીત મહિલા 6 દિવસ પહેલા તેના 4 વર્ષના બાળકને છોડીને અચાનક ગુમ થઈ ગઈ હતી. જે બાદ 19 ઓગસ્ટની સાંજે પતિ પોલીસ સ્ટેશન પહોંચ્યો અને પોલીસને આ અંગે જાણ કરી. ફરિયાદ મળ્યા બાદ પોલીસે તપાસ શરૂ કરી હતી. પોલીસને ખબર પડી કે તે મુરાદાબાદ પોલીસ સ્ટેશન હેઠળના નાધેર વિસ્તારના લાલપુર હમીરપુર ગામમાં ગુલ મોહમ્મદ નામના વ્યક્તિના ઘરે રહે છે.

પોલીસ મહિલાને સાથે લઈને તેનું નિવેદન નોંધવા માટે પોલીસ સ્ટેશન લઈ આવી હતી. જ્યારે સંબંધીઓને ખબર પડી તો તેઓ પોલીસ સ્ટેશન પહોંચ્યા અને મહિલાને ઘરે મોકલવાની માંગ કરી. તેના પર પોલીસે કહ્યું કે નિવેદન બાદ જ તેઓ તેને ઘરે જવા દેશે. જ્યારે હિન્દુ સંગઠનોને આ વાતની જાણ થઈ તો તેઓ પોલીસ સ્ટેશન પહોંચ્યા અને હંગામો મચાવ્યો હતો. તેમણે યુવક પર લવ જેહાદનો આરોપ લગાવ્યો અને મહિલાના બ્રેઈનવોશિંગનો પણ આરોપ લગાવ્યો. જોકે, બાદમાં પોલીસે મહિલાનું નિવેદન નોંધી તેને તેના પરિવારજનોને સોંપી હતી.

સંબંધીઓએ વિધર્મી યુવક પર ગંભીર આક્ષેપો કર્યા છે. સંબંધીઓએ પોલીસને આપેલી ફરિયાદમાં જણાવ્યું છે કે યુવક એક અઠવાડિયા પહેલા પરિણીત યુવતીને પોતાની સાથે લઈ ગયો હતો.

યુવકે મહિલાનું બ્રેઈનવોશ કરીને તેનું ધર્મ પરિવર્તન કરાવ્યું, ત્યારબાદ તેણે તેની સાથે લગ્ન પણ કર્યા. જણાવવામાં આવી રહ્યું છે કે ગુલ મોહમ્મદ મેરઠના લાલપુર પોલીસ સ્ટેશન વિસ્તારનો રહેવાસી છે. હાલમાં તે સંભાલમાં ભાડે રહેતો હતો.

## ચંદ્ર પર ઉતરતા જ વિક્રમ લેન્ડરે શરુ કર્યુ કામ, નજીકથી આવો દેખાય છે ચંદ્ર



**નવી દિલ્હી, તા.30**

ભારતના ચંદ્રયાન-3એ ચંદ્રની ધરતી પર પગ મૂક્યો છે. 23 ઓગસ્ટે સાંજે 6.4 કલાકે ચંદ્રયાન-3ના વિક્રમ લેન્ડરે ચંદ્ર પર ઉતર્યા બાદ તેનું કામ શરૂ કરી દીધું છે. ચંદ્રયાન-3એ ચંદ્ર પર પહોંચ્યા બાદ ચંદ્રની પ્રથમ તસવીર મોકલી છે. આ તસવીરો જોઈને ખબર પડે છે કે ચંદ્રના (MOON) દક્ષિણ ધ્રુવમાં ઘણા મોટા ખાડાઓ છે. આ તસવીરો સોશિયલ મીડિયા પર ભારે વાયરલ થઈ રહી છે. તમને જણાવી દઈએ કે આજે સાંજે ભારતે ચંદ્રના દક્ષિણ ધ્રુવ પર પગ મૂક્યો છે અને અવકાશ ક્ષેત્રે એક નવો ઈતિહાસ રચ્યો છે. આ સમયે, લેન્ડર વિક્રમ અને રોવર પ્રજ્ઞાન ચંદ્ર પર ઉતર્યા છે અને ચંદ્રની રહસ્યમય દુનિયા વિશે માહિતી એકત્રિત કરી રહ્યા છે.

## નહીં ખાંભી નહીં પાળિયો



### ૧૦. વેર....! વેર..! વેર...!!!

અનુભવવાનું જો તેને નસીબ લાગ્યું હોત તો પોતાના બાળકથી હંમેશા માટે વિખૂટી પડી ગયેલી માતાના મનની અવસ્થા તે સમજી શકી હોત. મામ ગાંડપણ પર તું હસતી ન હોત !' માફ કર બહેન, પણ હું હસતી નહોતી. તારી કાંઈક ગેરસમજ થની લાગે છે. આપણે બધાં જે પરિસ્થિતિમાંથી પસાર થઈ રહ્યા છીએ તેનો વિચાર કરીએ તો આપણે સૌ ગાંડાં થઈ જવાં જોઈએ. મારી માએ જીવ દઇ દીધો. બે બહેનો બળી મરી. મને જબરજસ્તીથી ઘસડી જતા હતા, ને ભાઈ જોતો હતો.. મદદે આવવાને બદલે તે ભાગી છૂટ્યો. મૂરખ... મડદાલ...મુવો ઘરભેદુ...!''ઘરભેદુ ?' ગીતાએ પ્રશ્ન કર્યો.... 'નહિ તો શું ? અમારા સિયાલકોટમાં હિંદુઓની એક બેઠક બોલાવેલી ત્યારે તેની માહિતી તેણે લીગની કચેરીમાં જઈને પહેલેથી આપી દીધેલી હુમલાખોરોને અમારી ગલીમાં આવતા જોયા ત્યારે હું દરવાજો બંધ કરવા ગઈ, પણ મારા ભાઈએ મને અટકાવી. મને કહે આ કૉમરેડ ગોપાળ ખુજલાનીનું ઘર છે. આખું સિયાલકોટ મને ઓળખે છે. આપણે પાકિસ્તાનવાદીઓ છીએ.આપણને કોઈ કાંઈ કરવાનું નથી. આવું એણે કહ્યું અને પહેલી ધાડ જ અમારા પર પડી. ભાઈએ પાકિસ્તાન ઝિંદાબાદની ઘોષણા કરી... પણ મુસલમાનોએ સંભળાવ્યું : અબે, જા જા . બહુ જોયા આવા ઢોંગ. તું હિંદુ છે ને ?' 'નહિ... નહિ... હું તો કૉમરેડ.... તમારો દોસ્ત !' ભાઈએ કહ્યું. 'ઝાઝો બકવાસ બંધ કર. તું હિંદુ છો કે નહિ ? કૉમરેડ કામરેડ અમે કાંઈ જાણતા નથી, અને એકે તેને લાઠીનો એક ફટકો લગાવતાં જ તે ભાગ્યો. એમની વાતચીત ચાલતી હતી તે દરમિયાન અમે પાછલા દરવાજા તરફ ભાગ્યાં. મારી માએ ઝેર ઘોળ્યું. આંગણામાં ઘાસની ગંજી હતી, બહેને તેને કાંડી ચાંપી અને એ આગમાં બંનેએ કૂદકો માર્યો. તેમની પાઠોપાઠ જ હું કૂદવા જતી હતી ત્યાં કોઈકે મને ખેંચી લીધી....' લાલા દયાળજીના વાડાનો દરવાજો ઉઘાડીને પચાસ સાઈઠ તરણો આવેશથી હુમલાખોરો પર તૂટી પડયા. તિલકરાજ તલવાર ઘુમાવતો ટોળામાં ઘૂસ્યો. રણધીર ભીંત પર ચઢીને બંદૂકથી એકએક હુમલાખોરોને નિશાન


માતૃરક્ષા | માતૃરક્ષાના વાચકો માટે
આપના પરિવાર ના સ્વર્ગસ્થ સ્વજનના
બેસણું/શ્રધાંજલિ ફક્ત ટોકન બીલમાં છપાવો
બેસણું ફક્ત 125 રૂપિયા
શ્રદ્ધાંજલિ ફક્ત 225 ૭x૨ સાઈઝમાં






### પાદરાની આમળા પ્રાથમિક શાળાનું ભૂમિ પૂજન અને ખાતમુહુર્ત યોજાયું

# પાદરા તાલુકમાં 14 પ્રાથમિક શાળામા કરોડો રૂપિયાના ખર્ચે નવીન ઓરડા બનાવવામાં આવશે







**પાદરા, તા.30**

પાદરા તાલુકામાં વિવિધ ગ્રામ્ય વિસ્તારોમાં સરકાર દ્વારા કરોડો રૂપિયાના ખર્ચે શાળા ના નવીન ઓરડાઓ બનાવવાનું આયોજન કરવામાં આવ્યું છે જેમાં અંદાજિત 14 જેટલી પ્રાથમિક શાળા ના ઓરડાઓ નું નવીન નિર્માણ પાદરા તાલુકામાં કરવા સરકાર દ્વારા આયોજન કરવામાં આવ્યું છે જેના ભાગ રૂપે આજે પાદરા મા આમળા ગામ ખાતે આમળા પ્રાથમિક શાળા ના નવીન ઓરડા માટે ભુમીપુજન અને ખાત મુહર્ત કાર્યક્રમ યોજાયો જેમાં દીપ પ્રાગટ્ય કરી કાર્યક્રમ ની સરુવાત કરવામાં આવી હતી  આ કાર્યક્રમ મા વડોદરા જિલ્લા પંચાયત ના પ્રમુખ અશોક પટેલ  પાદરા ના ધારાસભ્ય ચૈતન્યસિંહ ઝાલા  વડોદરા જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિ ચેરમેન અશ્વિન પટેલ તાલુકા પંચાયત પ્રમુખ શૈલેન્દ્રસિંહ વાઘેલા કાંતાબેન પરમાર સરપંચ રીચાબેન પટેલ આગેવાન સચિન પટેલ સહીત સ્કૂલના બાળકો શિક્ષકો સહીત ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા આ પ્રસંગે આવેલા મહાનુભાવો નું પુષ્પ ગુછ આપી સ્વાગત કરવામાં આવ્યું હતું આવેલા મહાનુભાવો દ્વારા પ્રાસંગિક પ્રવચન પણ કરવામાં આવ્યું હતું આ બાબતે જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિ ના ચેરમેન અશ્વિન પટેલે આ બાબતે માહિતી આપી હતી

આ પ્રસંગે આવેલા પાદરા ના ધારાસભ્ય ચૈતન્ય સિંહ ઝાલાએ 3 સપ્ટેમ્બર ના રોજ પાદરા શહેર મા આવનાર ગુજરાત પ્રદેશ અધ્યક્ષ અને નવસારી ના સાસંદ સીઆર પાટીલ ના પ્રવાસ બાબતે માહિતી આપી હતી જેમાં સરકારા ના માર્ગ દર્સન હેઠળ પાદરા નગર પાલિક દ્વારા કરોડો રૂપિયાના ખર્ચે નવીન બનાવેલ પાદરા ના છીપવાડ તળાવ નું ઉદ્ઘાટન તેમજ ધારાસભ્ય ના કાર્યાલય નું ઉદ્ઘાટન  અને જાહેર સભાનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હોવાનું જણાવ્યું હતું

## પાદરા તાલુકાના વાસણારેફ ગામ માં કોટેશ્વર મહાદેવ મંદિરનાં પ્રાંગણમાં સત્યનારાયણની કથાનું આયોજન





**પાદરા, તા.30**

પાદરા તાલુકાના વાસણારેફ ગામ માં શ્રાવણ સુદ ૧૧ નાં દિવસે કોટેશ્વર મહાદેવ મંદિરનાં પ્રાંગણમાં સત્યનારાયણ ભગવાનની કથાનું આયોજન કરવામાં આવ્યું. વાસણારેફ ગામ નાં તમામ હિન્દુ ભાઈ બહેનો પુંજા કરી. ભગવાન સત્ય નારાયણ પાસે પ્રાર્થના કરી કે મેઘરાજા જે વિરામ લીધો તે જલ્દી આવે તેવી પ્રાર્થના કરી અને ગામ માં શાંતિ ભાઈચારો કેળવવાય તેવી પ્રાર્થના કરી..

## પાદરામાં બ્રહ્મો સમાજ દ્વારા રક્ષા બંધનનાં પર્વે યજ્ઞોપવિત સંસ્કાર કાર્યક્રમની ઉજવણી કરવામાં આવી





**પાદરા, તા.30**

શ્રાવણ પૂર્ણિમા નાં પવિત્ર દિવશે યુગો થી હિન્દુઓ જેમાં યગ્નોપવિત સંસ્કાર મેળવ્યા પછી દ્વીજ થાય છે પાદરામાં બ્રાહ્મણ સમાજ ના સભ્યો દર વર્ષે અચલેસ્વર મહાદેવ વાડીમાં વિદ્વાન બ્રાહ્મણ દ્વારા યજ્ઞોપવિત ધારણ નો કાર્યક્રમ યોજાયો હતો જેમા મોટી સંખ્યામા  બ્રાહ્મણો હાજર રહીને સંસ્કાર પ્રાપ્ત કર્યાં હતાં.

## વડાપ્રધાન મોદીના મિશન આત્મનિર્ભર ભારત અંતર્ગત પાદરાની જૈન સ્કૂલમાં ઈન્વેસ્ટીચર સંભારંભ યોજાયો

**પાદરા, તા.30**

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના મિશન આત્મનિર્ભર ભારત અંતર્ગત પાદરા ની જેન સ્કૂલખાતે ઈન્વેસ્ટિચર સમરોહ યોજાયો હતો  ઈન્વેસ્ટિચર સમારોહ એ સ્કૂલમાંટે એક મહત્વપૂર્ણ પ્રસંગ છે જ્યાં શાળા તેના નેતૃત્વતા ધરાવતા વિદ્યાર્થીયોને ચોક્કસ ભૂમિકાઓ અને જવાબદારીઓ સોંપી કુશળ નેતૃત્વના કૌશલ્યો માં નિપુણ કરે છે. જેન સ્કૂલમાં અભ્યાસ કરતા 2023 2024 ના શૈક્ષણિક સત્ર માટે બાળકો ને એક સાથે શક્તિશાળી, લાગણીશીલ અને જવાબદારી નો એહસાસ કરાવતો આ સમારોહ આજ રોજ ઝેન સ્કૂલ માં હર્ષોઉલાસ થી ઉજવવા માં આવ્યો હતો આ



પ્રસંગે ધોરણ 6 થી 12 ના 50 જેટલાં વિદ્યાર્થીઓને આજે પદવી આપવામાં આવીહતી આ પ્રસંગે સ્કૂલના શિક્ષકો




તેમજ મેનેજમેન્ટ સહિત સિલેક્શન થયેલા બાળકોના વાલીઓ ખાસ ઉપસ્થિત રહ્યા હતા જયદીપ પ્રાગટ્ય કરી કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી હતી સાથે સંસ્કૃતમાં મંત્રોચ્ચાર પણ કરવામાં આવ્યા હતા આ પ્રસંગે સ્કૂલના મુખ્ય હેડ બોય હેડ ગર્લ ડેપ્યુટી હેડબોય હેડ ગલ તેમજ  જુનિયર હેડ બોય હેડગલ દરેક ક્લાસના બે બોયસ બે ગર્લ્સ ને પ્રિફેક્ટ પદવી પણ આપવામાં આવી હતી આમ જૈન સ્કૂલ દ્વારા સ્ટુડન્ટ કાઉન્સિલ નું નિર્માણ કરવામાં આવ્યું હતું.

## ચાણસદ ખાતે પ્રમુખ સમૃતિ દિનની ઉજવણી કરાઈ



**પાદરા, તા.30**

વિશ્વ વંદનીય સંતવર્ય પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ  આજરોજ શ્રાવણ સુદ દશમ ના રોજ સાત વર્ષ પહેલાં જીવનલીલા સંકેલી હતી તે દિવસે સંસ્થા ના વરિષ્ઠ સંત પૂજ્ય કૃષ્ણ પ્રિય સ્વામી ની ઉપસ્થિતિ માં નારાયણ સરોવર ચાણસદ ખાતે વિશિષ્ટ સ્મરણ સભા યોજાઈ હતી જેમાં ચાણસદ તથા આસપાસના ગામોના દસ હજાર થી વધુ ભાવિકો હાજર રહ્યા હતા.

## વડોદરામાં હાઈ સ્પીડ બુલેટ ટ્રેનના એક પિલરમાં સ્ટીલનું સ્ટ્રક્ચર અચાનક નમી ગયું

**વડોદરા, તા.30**

અમદાવાદ-મુંબઈ વચ્ચે બની રહેલા હાઈ સ્પીડ રેલ પ્રોજેક્ટની દેશભરમાં ચર્ચા થઈ રહી છે. વડોદરાના વિશ્વામિત્રી રેલવે સ્ટેશન પાસે નિર્માણાધીન બુલેટ ટ્રેનના એક પિલરનું સ્ટ્રક્ચર અચાનક નમી પડતાં તંત્ર દોડતું થયું હતું. નોંધનીય છે કે ગુજરાતમાં બુલેટ ટ્રેનનાં 8 સ્ટેશન છે, જે પૈકી વડોદરામાં એક જ છે. મોડી રાત્રે પિલર બનાવવા માટે તૈયાર કરેલું સ્ટીલનું સ્ટ્રક્ચર એક તરફ નમી પડતાં કામગીરી સામે પણ સવાલો ઊઠી રહ્યા છે.

મળેલી માહિતી પ્રમાણે, વડોદરા સ્ટેશન પછીના વિશ્વામિત્રી રેલવે સ્ટેશન પાસેથી મુંબઈથી આવતી બુલેટ ટ્રેન પસાર થશે, ત્યારે આ હાઈ સ્પીડ રેલ વિશ્વામિત્રી બ્રિજની ઉપરથી પસાર થનાર હોઈ, એના માટે પિલર ઊભા કરવાની કામગીરી હાલ પુરજોશમાં ચાલી રહી છે. બુલેટ ટ્રેનની કામગીરી દરમિયાન કોઈપણ પ્રકારની ખામી કે પછી નબળી કામગીરી ન થાય એ માટે પણ પૂરતું ધ્યાન આપવામાં આવી રહ્યું છે છતાં સ્ટ્રક્ચર ઊભું કરવામાં કોઈ ખામી સર્જાતાં અડધા પિલર પરનું સ્ટ્રક્ચર નમી પડ્યું હતું. ઉલ્લેખનીય છે કે હાલ વરસાદ કે વાવાઝોડું નથી છતાં અડધા તૈયાર થયેલા પિલર ઉપર સ્ટીલનું સ્ટ્રક્ચર તૈયાર કરાયું હતું. આ સ્ટીલના સ્ટ્રક્ચર ઉપર આરસીસી ભરવામા આવવાનું હતું, પરંતુ આરસીસી ભરવામાં આવે એ પહેલાં સ્ટીલનું સ્ટ્રક્ચર નમી પડતાં કામગીરી પર સવાલો ઊભા થયા છે. મળેલી માહિતી પ્રમાણે, મોડી રાત્રે બનેલી આ ઘટના અંગેની જાણ હાઈ સ્પીડ રેલતંત્રને થતાં તમામ ઉચ્ચ અધિકારીઓ સ્થળ પર દોડી આવ્યા હતા. નિર્માણાધીન બુલેટ ટ્રેન માટેનો પિલર બનાવવા તૈયાર કરેલું સ્ટીલનું સ્ટ્રક્ચર અચાનક નમી પડતાં ચકચાર મચી ગઈ હતી.



## નાના એકલબારા શાળામાં રક્ષાબંધનની ભવ્ય ઉજવણી

**પાદરા, તા.30**

તા. ઓગષ્ટ ના રોજ શાળા ના પટાંગણમાં ધોરણ .1 થી 8 માં ભણતા વિદ્યાર્થીઓ ને શાળા માં ભણતીવિદ્યાર્થીની ઓએ કકું તિલક કરી રાખડી બાંધી.ભાઈઓ એ બહેનનોને ચોકલેટ ની ભેટ આપી સન્માન કર્યું.ભાઈ બહેન નાં પવિત્ર તહેવાર ની ભવ્ય ઉજવણી કરાય. ભાઈ બેન ના ગીતો થી શાળા નું વાતાવરણ ગુંજી ઉઠ્યું.ફીનોલેક્ષ કંપની એ રાખડી ઓ અને ચોકલેટ ની વ્યવસ્થા પુરી પાડી રક્ષાબન્ધન ના પવિત્ર તહેવાર ઉજવણી માં સહભાગી થવા બદલ શાળા સ્ટાફ તરફથી અભિનંદન.



## પાદરાના કરખડી ગામે શ્રીમદ ભાગવત કથા સંપન્ન થવા પામી હતી

**પાદરા, તા.30**

પાદરા ના કરખડી ગામે શ્રી તામેશ્વર મહાદેવ ના લાભાર્થે શ્રીમદ ભાગવત કથાનું આયોજન કરવામાં આવ્યું હતું. ભાગવત કથા નો પ્રારંભ તારીખ ૨૧-૦૮-૨૦૨૩ ના રોજ શ્રી તામેશ્વર મહાદેવ મંદિરના સાનિધ્યમાં એલેમ્બિક કંપનીની સામે -કેનાલ રોડ ખાતે કથા નુ સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. કથા ની પૂર્ણાહુતી તારીખ ૨૭-૦૮-૨૦૨૩ ના રોજ સમ્પન્ન થવા પામી હતી.

કથા માં શ્રી વ્યાસપીઠ ઉપર બિરાજમાન વક્તા પ્રિયાંકભાઈ પંડ્યા ગામ-મજાતણ વાળા તેમજ સમસ્ત કરખડી તેમજ મજાતણ ગામની ધર્મપ્રેમી જનતા મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી શ્રોતા તરીકે બિરાજમાન થયેલ અને મધુર કથા નુ રસપાન કર્યુ હતું. તથા કથા ના આમંત્રણ ને માન આપી શ્રી રામકૃપા સંસ્કૃત પ્રચાર કેન્દ્ર -સાદરા ના આચાર્ય જીગ્નેશભાઈ પંડયા એ પોથી ને પુષ્પ ની માળા અપૅણ કરી વકતા પ્રિયંકભાઈ પંડયા ને સાલ ઓઢાડી સન્માન કરી પુષ્પ માળા અપૅણ કરી હતી.








Printed, Published and owned by CHAVDA GOPALBHAI BHAGVANDAS and Printed at Vasant Graphics, Shop No.35/36/37, Golden Plaza, Opp.Big Bazar, Kankaria Road, Raipur, AHMEDABAD-380022 and Published from Niraj Plaza, Shop No.-12, Zanda, Bazar, PADRA-391440. Editor - CHAVDA GOPALBHAI BHGVANDAS